ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૭૭/૧૯–૨૦/ 4631 તારીખ : 20 NOV 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી વજુભાઈ બચુભાઈ ધરજીયા,**
પ્લોટ નં.૧૫, ગોપીનાથ સોસાયટી,
મુ. ગઢડા, તા. ગઢડા,
જી.બોટાદ – ૩૬૪ ૭૫૦.
**મો.નં. ૯૮૨૪૭ ૯૪૭૦૨.**

કેસ નં.૭૭/૧૯–૨૦

**વિષય : લેડીઝ સાથે હેલ્પરે ગેરવર્તન કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.નીલ. અત્રેની કચેરીને મળ્યા તા.૦૪.૧૦.૨૦૧૯
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૭/૧૯–૨૦/૩૯૮૯ તા.૧૦/૧૦/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૭/૧૯–૨૦/૪૧૯૮ તા.૨૨/૧૦/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૦૫/૧૧/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ગઢડા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ગઢડા શહેર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર –૭૭/૧૯–૨૦** ☜

વાદી :– શ્રી વજુભાઈ બચુભાઈ ધરજીયા

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૦૫.૧૧.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી વજુભાઈ બચુભાઈ ધરજીયા – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી કે.એચ. શાહ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી વજુભાઈ બચુભાઈ ધરજીયા, મુ.ગઢડા, જી.બોટાદની લેડીઝ સાથે હેલ્પરે ગેરવર્તન કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૭/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં.બીઝેડ/ફોરમ/૭૭/૧૯–૨૦/૩૯૮૯ તા.૧૦.૧૦.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૫.૧૧.૨૦૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી વજુભાઈ બચુભાઈ ધરજીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી કે.એચ. શાહ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ગઢડા. ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ગઢડા (સ્વા.) ગોપીનાથ સોસાયટી બોટાદ રોડ પ્લોટ નં.૧૫ માં મકાન ધરાવીએ છીએ. બે વર્ષ પહેલા અમોએ ગઢડાના રહીશ સોઢાતર ભાવિકાબેન અનિલભાઈ પાસેથી ખરીદેલ હતું, તે મકાન મારા પુત્રવધુ અરૂણાબેન મહેન્દ્રકુમાર નામેં છે.

૧.૨ લાઈટ કનેકશન આગળના માલીક ભાવીકાબેન અનિલભાઈના નામે આવે છે. તેનો ગ્રાહક નં.૬૦૧૦૧/૪૧૯૧૮/૦, તેનું છેલ્લુ બીલ તા.૧૩/૦૯/૨૦૧૯ ના રોજ આવેલ હતું, જેની છેલ્લી તા.૨૩/૦૯/૧૯ ની હતી. તે ગઢડા પી.જી.વી.સી.એલ.ની કચેરીએથી હેલ્પર ભાર્ગવભાઈ પગતાણી(બારોટ) નામના કર્મચારી ઘરે

..૨..

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

આવેલા અને ઘરે લેડીઝ હતાં અને ગેરવર્તન કરેલ અને મને ફોન કરેલ અને હું ઘરે આવેલ બીલની બાકી રકમ સ્થળ ઉપર આપવા વિનંતી કરી પણ મારી સાથે ગેરવર્તન કરેલ અને અમારૂ મીટર સર્વિસ વાયર લઈ ગયેલ આવા કર્મચારીઓની યોગ્ય કાર્યવાહી કરી, પગલા ભરવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદી વજુભાઈ બચુભાઈ ઘરજીયા ૧૫, ગોપીનાથ સોસાયટી, ગઢડા ખાતે ભાવીકાબેન અનિલભાઈ સોઢાતરના નામનું ઘરવપરાશનું વીજજોડાણ ગ્રાહક નં.૬૦૧૦૧/૪૧૯૧૮/0 થી ધરાવે છે અને તેઓએ કરેલ અરજીમાં જણાવ્યા મુજબ તેઓએ આ મકાન ભાવીકાબેન અનિલભાઈ સોઢાતર પાસેથી બે વર્ષ અગાઉ ખરીદેલ હોવાનું જણાવે છે. પરંતુ સદર વીજજોડાણના નામ બદલીની કાર્યવાહી વાદી દવારા આજદિન સુધી કરવામાં આવેલ નથી.

૨.૨ ગઢડા ગ્રામ્ય–૨ પે.વી. કચેરીના દફતરે સદર ગ્રાહક નંબર વાળા વીજજોડાણમાં તા.૧૨/૦૮/૨૦૧૯ ની સ્થિતીએ રૂા.૧૦૦૧/– બાકી લેણા હતા તેમજ તા.૧૩/૦૯/૨૦૧૯ ના રોજ દ્વિમાસિક બીલ રૂા.૪૭૩૨.૭૫ એમ કુલ રૂા.૫૭૩૩.૭૫ ભરપાઈ કરવાના બાકી રહેતા હતાં.

૨.૩ સદર બાકી વીજબીલની વસુલાત સારૂ ગઢડા ગ્રામ્ય–૨ પે.વી.કચેરી દવારા જાવક નં.૨૨૮૬૩ તા.૨૮/૦૯/૨૦૧૯ થી વીજજોડાણ કાપવાનો હુકમ ઈલે. આસી. બી. જે. પ્રબ્તાણીને આપવામાં આવેલ.

૨.૪ સદર ચડત વીજબીલની વસુલાત સારૂ તા.૩૦/૦૯/૨૦૧૯ ના રોજ ઈલે. આસી. બી. જે. પ્રબ્તાણી સાથે જુ.આસી. એમ.એલ.ચાવડા પણ વાદીના ઘરે ગયેલ હતાં. તે સમયે વાદીનો દીકરો સ્થળ પર હાજર હતો અને તેમને પીજીવીસીએલના કર્મચારી દવારા વીજબીલના બાકી નાણા ભરપાઈ કરવા પૂછતાં તેઓએ વીજબીલના બાકી નાણા ભરપાઈ કરવાની ના પાડેલ. જેથી સદર કર્મચારીએ સ્થળ પરથી વીજજોડાણ કાપી માલસામાન ઉતારી લીધેલ. આમ સદર કામગીરી કંપનીના નિયમ મુજબ કરવામાં આવેલ હતી.

૨.૫ ગઢડા ગ્રામ્ય–૨ પે.વી.કચેરીના નાયબ ઈજનેર દવારા ઈલે. આસી. બી. જે. પ્રબ્તાણી તથા જુ. આસી. એમ. એલ. ચાવડાના નિવેદન લેતા તેઓએ વાદીએ કરેલ રજુઆત મુજબ ઘરમાં હાજર મહિલા સાથે કોઈપણ જાતની દલીલ કે ગેરવર્તન કરેલ નથી. તે બાબતનું નિવેદન લેખિતમાં આપેલ છે, જેની નકલ આ સાથે સામેલ છે. આમ સદર વીજજોડાણની ચડત વીજબીલની રકમ વાદી દવારા સ્થળ પર ભરપાઈ ન કરવાને લીધે વીજજોડાણ કાપી નાખવાથી ખોટો આક્ષેપો કરવામાં આવેલ છે, જે હકીકત છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર વજુભાઈ બચુભાઈ ધરાજીયા, મુ.ગઢડામાં ભાવીકાબેન અનિલભાઈના નામે ગ્રાહક નં.૬૦૧૦૧/૪૧૯૧૮/0 થી સીગલ ફેઈઝ ઘરવપરાશનું વીજજોડાણ ધરાવે છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૨ વાદીનાં વીજ સ્થાપનની મે–જુન નાં બીલની રકમ રૂા.૧૦૦૧/– તેમજ જુલાઈ–ઓગસ્ટ નાં બીલની રકમ રૂા.૪૬૮૪/– એમ કુલ ૫૬૩૩/– રૂપિયા ભરપાઈ કરવાના બાકી રહેલા હોય, પ્રતિવાદીએ તા.૨૮/૦૯/૧૯ ના રોજ ઈલે.આસી. બી. જે. પ્રબ્તાણીને કનેકશન કાપવાનો હુકમ કરેલ તેમજ તેમની સાથે જુની. આસી. એમ. એલ. ચાવડાનો પણ હુકમ હતો. શ્રી બી. જે. પ્રબ્તાણીએ વાદીનાં વીજ સ્થાપન પરનું વીજ કનેકશન કાપી નાખેલ.

૩.૩ વાદીએ ફોરમને ફરીયાદ કરેલ છે કે પ્રતિવાદીનાં લાઈન સ્ટાફે ઘરે હાજર રહેલ મહિલા સાથે ગેરવર્તન કરેલ.

૩.૪ ફોરમને જણાયેલ છે કે પ્રતિવાદીએ વાદીનાં વીજજોડાણની બાકી લેણી રકમ હોવાથી વાદીનું વીજજોડાણ નિયમ મુજબ કાપી નાખેલ તેમજ વાદીએ ફોરમને કરેલ ગેરવર્તણુંક અંગેની સુનાવણી ફોરમની હકુમતમા આવતી ન હોય, ફોરમ આ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને વાદીની ફરીયાદ રદ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૦૫.૧૧.૨૦૧૯

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.